# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 09-06-2026** **EVENING: 7.10 TO 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

****************************************************

1) ખેડૂતોના વ્યાપક હિતમાં ગુરૂવારથી નર્મદા નહેરોમાંથી સિંચાઈ માટે પાણી છોડાવાનો મુખ્યમંત્રીનો નિર્ણય.

2) પીએમ-કિસાન યોજના હેઠળ રાજ્યના ખેડૂતોને અત્યાર સુધી 23 હજાર કરોડ રૂપિયાથી વધુની સહાય ચૂકવાઈ.

3) અમદાવાદમાં ઉચ્ચસ્તરીય સંવાદનું ઉદ્ઘાટન કરતાં કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાને ખાદ્ય પ્રસંસ્કરણ ક્ષેત્રને કૃષિ અને સમૃદ્ધિ વચ્ચેનો સેતુ ગણાવ્યો.

4) પંચાયતી રાજ મંત્રાલય દ્વારા ગાંધીનગર ખાતે આત્મનિર્ભર પંચાયત કાર્યક્રમ પર સંપર્ક કાર્યશાળા યોજાઇ.

5) આગામી ત્રણ દિવસ દક્ષિણ ગુજરાતમાં વરસાદની આગાહી.

.................................................................

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)
હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CM NARMADA WATER

રાજ્યમાં 11મી જૂન ગુરૂવારથી નર્મદા નહેરોમાંથી સિંચાઈ માટે પાણી છોડાશે. ખેડૂતોના વ્યાપક હિતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ મહત્વનો નિર્ણય લીધો છે. નર્મદા કમાન્ડ વિસ્તારના ધારાસભ્ય અને સાંસદોએ સિંચાઈ માટે વહેલું પાણી છોડવા મુખ્યમંત્રી સમક્ષ રજૂઆતો કરી હતી.

મુખ્યમંત્રીએ આ રજૂઆતોનો સકારાત્મક પ્રતિસાદ આપતાં નર્મદા યોજનાના વરિષ્ઠ અધિકારીઓની એક ઉચ્ચ સ્તરીય બેઠક બોલાવીને નર્મદા યોજનામાં ઉપલબ્ધ પાણીના જથ્થાની સમીક્ષા કરી હતી. ત્યારબાદ શ્રી પટેલે ખેડૂતોના પાક માટે સિંચાઈના પાણીની જરૂરિયાત ધ્યાનમાં લઈને આયોજન કરતાં વહેલાં પાણી છોડવાના દિશા નિર્દેશો આપ્યા હતા.

# PM KISAN

કેન્દ્રમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની NDA સરકારને 12 વર્ષ પૂર્ણ થયા છે ત્યારે તેમની સરકાર દ્વારા શરૂ કરાયેલી પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના' એટલે કે પીએમ કિસાન યોજના રાજ્યના 69 લાખ ખેડૂત પરિવારો માટે આર્થિક સુરક્ષા કવચ બની છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર યોજનાની શરૂઆતથી અત્યાર સુધીમાં, કુલ 22 હપ્તામાં રાજ્યના 69 લાખ 25 હજારથી વધુ ખેડૂત કુટુંબોને 23 હજાર 83 કરોડ રૂપિયાથી વધુની સહાય અપાઈ છે.

આ યાત્રાની શરૂઆત પ્રથમ હપ્તા વખતે 28 લાખથી વધુ ખેડૂતોને 572 કરોડની ચૂકવણી સાથે થઈ હતી. આ યોજનાથી ખેડૂતોને બિયારણ, ખાતર અને જંતુનાશક દવાઓ ખરીદવામાં આર્થિક મદદ મળી રહી છે.

# SWACHHATA ABHIYAN - DISTRICT

કેન્દ્રમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સુશાસન અને ગરીબ કલ્યાણના 12 વર્ષનો કાર્યકાળ પૂર્ણ થયો છે. તે અંતર્ગત રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમો યોજાઇ રહ્યા છે.

બનાસકાંઠા જિલ્લાના અનેક ગામોમાં આજે સાયકલ રેલી અને જનજાગૃતિ રેલી યોજાઈ જ્યારે મહીસાગર જિલ્લાના ગોધર ગામે સફાઈ ઝુંબેશ હાથ ધરાઈ.

બીજી તરફ, નવસારી જિલ્લાના જલાલપોરના સીમળ ગામે અને બોટાદ જિલ્લામાં પ્રગતિ પથ યાત્રાનું આયોજન કરાયું. દરમિયાન જામનગર, પંચમહાલ અને દીવમાં પણ જન જાગૃતિ કાર્યક્રમો યોજાયા.

# SAPLING DIALOGUE 2026

ખાદ્ય પ્રસંસ્કરણ ક્ષેત્રના વિકાસ માટે કેન્દ્રીય ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગ મંત્રી ચિરાગ પાસવાને આજે અમદાવાદ ખાતે ઉચ્ચ સ્તરીય પ્રાદેશિક નીતિ સંવાદ- SAPLINGનું ઉદ્ઘાટન કર્યું. 'અનલોકિંગ વેલ્યૂ: એડવાન્સિંગ ફૂડ પ્રોસેસિંગ ફોર એમ્પ્લોયમેન્ટ જનરેશન એન્ડ સસ્ટેનેબલ ગ્રોથ ઇન સાઉથ એશિયા' વિષય યોજાયેલા આ સંવાદના ઉદ્ઘાટન સત્રને સંબોધતા શ્રી પાસવાને કહ્યું, ભારત વૈશ્વિક ખાદ્ય પ્રોસેસિંગ ક્ષેત્રમાં અગ્રણી કેન્દ્ર તરીકે ઝડપથી આગળ વધી રહ્યું છે. તેમણે ખાદ્ય પ્રસંસ્કરણ ક્ષેત્રને કૃષિ અને સમૃદ્ધિ વચ્ચેનો મહત્ત્વનો સેતુ ગણાવ્યો. તેમણે કહ્યું આ ક્ષેત્ર રોજગારીની નવી તકોનું સર્જન કરવા, પાકની લણણી પછી થતાં નુકસાનમાં ઘટાડો કરવા, ખેડૂતોની આવકમાં વધારો કરવા તેમજ ખાદ્ય સુરક્ષાને વધુ મજબૂત બનાવવા માટે વિશાળ ક્ષમતા ધરાવે છે.

( BYTE : CHIRAG PASWAN, UNION MINISTER )

આ પ્રસંગે રાજ્યના કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ ખાદ્ય પ્રસંસ્કરણ ક્ષેત્રને કૃષિ વિકાસનો આધારસ્તંભ ગણાવ્યું.

બે દિવસ દરમિયાન નીતિ નિર્માતાઓ, ઉદ્યોગ નેતાઓ અને વિવિધ દક્ષિણ એશિયાઈ દેશોના સંશોધકો સહિત અંદાજે 200 સહભાગીઓ સ્થિતિસ્થાપક અને ટકાઉ ખાદ્ય પ્રણાલીઓના નિર્માણ પર ચર્ચા કરશે.

# ATMANIRBHAR PANCHAYAT

પંચાયતી રાજ મંત્રાલય દ્વારા આજે ગાંધીનગર ખાતે આત્મનિર્ભર પંચાયત કાર્યક્રમ પર સંપર્ક કાર્યશાળા યોજાઇ. આ કાર્યશાળા દ્વારા, મંત્રાલયનો ઉદ્દેશ ગ્રામ પંચાયત અને તાલુકા પંચાયત સ્તરના નેતાઓ સાથે સીધો સંવાદ કરવાનો અને તેમની સમક્ષ આત્મનિર્ભર પંચાયત કાર્યક્રમનું વિઝન, ઉદ્દેશ્યો અને કાર્યકારી માળખું રજૂ કરવાનો છે. કાર્યક્રમમાં પંચાયતી રાજ મંત્રાલયના સચિવ વિવેક ભારદ્વાજે પંચાયતોને પોતાની આવકના સ્ત્રોત જાતે શોધવા અંગે માર્ગદર્શન આપ્યું.

( BYTE: VIVEK BHARDWAJ, SECRETARY )

કાર્યશાળા અંતર્ગત એક પારદર્શક પ્રક્રિયા દ્વારા પંચાયતોને આવક પેદા કરતા પ્રોજેક્ટ્સ અને પહેલો માટેના વિચારો રજૂ કરવા આમંત્રિત કરાશે, પસંદ કરાયેલા વિચારોને મંત્રાલય તરફથી સમર્પિત ટેકનિકલ સહાય મળશે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલૉ કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

# HEALTH PARIPATR

રાજ્યની તમામ આરોગ્ય સંસ્થાઓમાં આઉટસોર્સિંગ અને 11 માસના કરાર આધારિત કર્મચારીઓને નાણાકીય અને હિસાબી કામગીરી સોંપી શકાશે નહીં. આ અંગે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે પરિપત્ર જાહેર કરી સ્પષ્ટ કર્યું છે કે આ પ્રકારની કામગીરી આઉટસોર્સ અથવા કરાર આધારિત કર્મચારીઓને સોંપવાથી આર્થિક અને વહીવટી સમસ્યાઓ ઊભી થવાની શક્યતા રહે છે. તેથી, હવે આ તમામ કામગીરી નિયમિત નિમણૂક ધરાવતા કર્મચારીઓને જ સોંપવાની રહેશે. પરિપત્રમાં જણાવાયું છે કે જ્યાં હાલ આવા કર્મચારીઓ પાસે નાણાકીય અથવા હિસાબી કામકાજ છે, ત્યાંથી તાત્કાલિક અસરથી તે કામગીરી પરત લેવાની રહેશે.

# DGP VISIT

રાજ્યના પોલીસ વડા જી. એસ. મલિકે કહ્યું, નાગરિકોની ફરિયાદોનો જિલ્લા સ્તરે જ નિકાલ થાય તેવી વ્યવસ્થા ગોઠવાશે. આજે ગાંધીનગર સ્થિત ગૃહ વિભાગના જનસંપર્ક કેન્દ્ર અને પોલીસ ભવનના જનસંપર્ક કાર્યાલય ખાતે નાગરિકોની રજૂઆતોની સમીક્ષા કર્યા બાદ તેમણે આ વાત કહી. શ્રી મલિકે અરજદારો સાથે સીધો સંવાદ પણ કર્યો હતો.

**( BYTE : G. S. MALIK, DGP GUJARAT )**

# BOTAD NIMUBEN

બોટાદ જિલ્લાના ગઢડા ખાતે કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયાની ઉપસ્થિતિમાં પ્રમાણિત બીજ વિતરણ કાર્યક્રમ યોજાયો. જેમાં 800 થી વધુ ખેડૂતોને બીજનું વિતરણ કરવામાં આવ્યું. આ પ્રસંગે શ્રીમતી બાંભણિયાએ કહ્યું, આ પ્રમાણિત બીજથી કૃષિ ઉત્પાદકતા વધશે અને પાકની ગુણવતા પણ સુધરશે.

**( BYTE : NIMUBEN BAMBHANIYA, UNION MINISTER )**

# TAPI WATER

તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના 16 ગામોની પાણીની સમસ્યાનું સુખદ નિરાકરણ આવ્યું છે. આ ગામોમાં ઉનાળા દરમિયાન પીવાના પાણીની સમસ્યા સર્જાતી હતી, ત્યારે સરકારની કટિબદ્ધતાથી નદી, નાળા, તળાવો તેમજ ચેકડેમોને ઊંડા કરવાની કામગીરી સાથે પીવાના પાણીની પાણી પુરવઠા વિભાગની વિવિધ યોજનાઓને પગલે બોર કૂવાના સ્તરો ઉપર આવ્યા છે, જેને પગલે પાણીની સમસ્યાનું સમાધાન થયું હોવાનું કાર્યપાલક ઇજનેર ડી એલ ટંડેલે જણાવ્યું.

( BYTE: D.L. TANDEL - EXECUTIVE ENGINEER )

# WEATHER FC

આગામી ત્રણ દિવસ દક્ષિણ ગુજરાતમાં વરસાદની આગાહી છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ દાદરા નગર હવેલીમાં વરસાદ પડી શકે છે. 13 જૂનથી સૌરાષ્ટ્ર કચ્છમાં પણ સામાન્ય વરસાદની શક્યતા છે. દરમિયાન આગામી સાત દિવસ મહત્તમ તાપમાનમાં કોઈ મોટા ફેરફારની શક્યતા નહિવત હોવાનું હવામાન વિભાગના નિયામક ડૉ.એ.કે.દાસે જણાવ્યું.

( BYTE : DR. A. K. DAS, IMD DIRECTOR )

# RAJKOT VOLVO BUS

રાજકોટમાં આજે એસટી નિગમની નવી 5 વોલ્વો બસને મેયર ડૉ. નેહલ શુક્લએ લીલીઝંડી આપી. આજથી શરૂ કરાયેલી 3 બસ ભુજ જ્યારે 2 બસ વડોદરા રૂટ પર દોડશે. હાલ રાજકોટમાં 17 વોલ્વો, 20 એસી લક્ઝરી અને 20 ઇલેક્ટ્રિક એસી બસ દોડી રહી છે ત્યારે ટૂંક સમયમાં 6 નવી બસો મળતા તે સ્ટેચ્યુ ઓફ યુનિટી, મોરબી, જામનગર અને દાહોદ રૂટ પર દોડશે.